## ગાંધીજયંતીએ યોજાશે મહેસાણામાં લોક અદાલત

મહેસાણા, તા. ૨૬

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ જિલ્લા અદાલત રાજમહેલ મહેસાણા તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા ૨ ઑક્ટોબરના રોજ એનએસીપી તથા અન્ય પ્રકારના સમાધાન લાયક કેસોનો સમાધાન માટે જનરલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જનરલ લોકઅદાલતમાં સંબંધ કર્તા ઈસમો કેસ જનરલ લોક અદાલતમાં મુકવા માગતા હોય તો જિલ્લાકક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ મહેસાણા અને તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સત્તા સમિતિનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## નીલપુર ગામમાં લાખો લીટર પાણીના બગાડ સામે રોષ

દાંતીવાડા, તા. ૨૬

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામે છેલ્લા ૩ વર્ષથી પાણીનો બેફામ બગાડનો મામલો પ્રકાશમાં આવેલ છે. અહીંથી બોરનું પાણી ગામની ગલીઓમાં વહેતું નિત્ય જોવા મળે છે જેની સામે લોક રોષ જોવા મળ્યો છે અને જવાબદાર સામે તપાસની માંગ ઉઠી છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો પાણીની કિંમત તેનો જ્યાં જ્યાં અભાવ છે તે મને જ થાય છે. 'જલ છે ત્યાં જીવન છે' ત્યારે અમુલ્ય એવા પાણીનો બગાડ ખુબ જ ગંભીર બાબત છે ત્યારે દાંતીવાડા તાલુકાના નીલપુર ગામે ગ્રામ્ય પંચાયત કચેરી દ્વારા ગામને પીવાના પાણી પુરૂ પાડતા બોરની સ્થિતિ દયનીય છે. આ બોરને નિત્ય અનેકો કલાક સુધી ચાલુ રખાય છે કેમ કે અમુક હિત ધરાવતા લોકો બોરથી પાણીની ટાંકી સુધીની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસરના કનેકશનો ધરાવે છે એટલું જ નહિ આ પાણી કનેકશનો આવા રાજકીય ઓથ ધરાવતા લોકો પોતાના ખેતરો સુધી લઈ ગયા છે તો વળી, મફતનું આ પાણી રોકનાર કોઈ નથી જેથી ગામની ગલીઓમાં આ પાણીથી નિત્ય ખરડાય છે અને કાદવ કીચડ ફેલાય છે આ બદી અટકાવવા અમુક સમય પહેલા ઓટો ટાઈમર સ્વીચ પણ નાખી હતી. જેને પાણીનો બગાડ કરી ચોરી કરતા લોકોએ તોડી પાડી હતી. આ મામલે સ્થાનિક પંચાલ પોપટભાઈ, ચૌધરી પ્રવીણભાઈ, પંચાલ જયચંદભાઈએ ગ્રામ પંચાયતના સરપંચ અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત અનેકો રજુઆતો કરેલ હોવાનું પણ લોકોએ જણાવ્યું છે ત્યારે પાણી બગાડનો આ મામલે જિલ્લા વિકાસ અધિકારી ન્યાયિક તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરે તેવી અહીના સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

## તલોદ તાલુકાનો બંધ એસ.ટી. ડેપો શરૂ કરવા ઉગ્ર માંગ

તલોદ, તા. ૨૬

છેલ્લા કેટલાયે સમયથી તલોદ તાલુકાના પ્રજાજનો અને વિદ્યાર્થીગણની જીવાદોરી સમાન એ ગ્રેડનો એસ.ટી.ડેપો છીનવાઈ ગયો છે. ત્યારે મોટા કાર્યકરો થઈ તાલુકામાં ફરતા નેતાઓ પણ આ મામલે આંખ આડા કાન કરી રહ્યા છે. પરિણામે પ્રજામાં ભારે રોષ ફેલાયો છે. અને તલોદ તાલુકાનો ડેપો પુનઃ ચાલુ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

તલોદ તાલુકાની પ્રજા અને ખાસ કરીને વિદ્યાર્થીગણની જીવા દોરી સમાન 'એ' ગ્રેડનો એસ.ટી. બસ ડેપો તલોદમાં આવેલો છે.જેને થોડા સમય પહેલા તંત્ર દ્વારા બંધ કરી નાખવામાં આવ્યો હતો. જેથી મુસાફરો અને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. દરરોજ ખાનગી વાહનોમાં વધારે ઉંચુ ભાડુ આપી મુસાફરી કરવી પડે છે. આથી નાગરિકોએ દરરોજ પારવાર મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે. મુશ્કેલીથી કંટાળી ગયેલા નાગરિકો આ મામલે રોષે ભરાયા છે. અને તલોદ તાલુકામાં શાસન કરતા રાજકીય પક્ષોની સામે પણ ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે. અને તુરંત એસ.ટી. તંત્ર આ તલોદના બસ ડેપોને ફરી શરુ કરવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

## ધનસુરામાં વરસાદથી રમાણા ગામે ચાર મકાન ધરાશયી

ધનસુરા, તા. ૨૬

ધનસુરા તાલુકા પંથકમાં છેલ્લા ચાર દિવસથી અસહ્ય બાફ અને ઉકળાટ બાદ મેઘરાજાની પધરામણી થઈ રહી છે. ત્યારે તાલુકાના રમાણા ગામે ચાર મકાન ધરાશયી થતા ભારે દોડધામ મચી જવા પામી હતી. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ધનસુરા તાલુકા પંથકમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદ વરસી રહ્યો છે. અને ભાદરવા માસમાં અષાઢી માહોલ સર્જાયો છે. વાદળછાયા વાતાવરણમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. જ્યારે અસહ્ય બાફ અને ઉકળાટમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ગરમીમાં લોકોએ રાહત અનુભવી છે.

તાલુકાના તળાવો, જળાશયો વરસાદી પાણીથી ભરાયા છે. વરસાદ વરસતા ધનસુરા તાલુકાના રમાણા ગામે ચાર મકાનોને નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. રમાણા ગામે ધુળાભાઈ પાંડોરનું મકાન ધરાશયી થતા પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હોવાનું જાણવા મળ્યું હતું. અન્ય બે મકાનોને પણ નુકશાન થયું છે. જ્યારે પાંચ કુરાડા રોડ પર એક ફેક્ટરીની દિવાલ તુટી પડતા ભારે ભાગદોડ મચી જવા પામી હતી. આ ઘટનામાં કોઈને જાનહાની થવાની ઘટના બની નથી.

## બનાસકાંઠા જિલ્લામાં વરસાદ સાથે તોફાની પવન ફુંકાતા શીતળતા છવાઈ



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી જામેલા મેઘ માહોલથી ચારો કોર પાણી પાણી થઈ જવા પામ્યું છે. છેલ્લા ચારેક દિવસથી ઝરમરીયા તેમજ હળવાથી ભારે વરસાદી ઝાપટા તેમજ ફુંકાતા પવનને કારણે સમગ્ર પંથકમાં ઠંડકની લહેર પ્રસરવા પામી છે. બીજી તરફ સુકાવાના આરે આવેલ લીલોતરી પણ પુનઃ સજીવન થઈ જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદની હેલી સર્જાઈ છે. જેના કારણે ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. શુક્રવારના રોજ વહેલી સવારથી જ ઝરમરીયો વરસાદ અને બપોરના સુમારે એકાએક મોટા પોરા સાથે વરસાદ તુટી પડયો હતો. તોફાની પવન સાથે ત્રાટકેલા વરસાદને કારણે ઘરની બહાર નિકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે. છેલ્લા પાંચ દિવસથી સૂરજદાદાના દર્શન પણ દુર્લભ બની ગયા છે. બરફીલા પવનોથી બચવા લોકો દિવસે પણ ગરમ કપડા પહેરવા લાગ્યા છે અને શિયાળો બેઠો હોય તેવો માહોલ સર્જાયો છે. ડીસા સહિત જિલ્લાના તમામ વિસ્તારોમાં મેઘ માહોલ સર્જાતા લોકોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

## પ્રાંતિજ તાલુકામાં વરસાદને પગલે અંદાજે ૫૦ લાખનું ફલાવરનું ધરૂ ધોવાઈ ગયું

### વરસાદ થતા, રોગચાળો વધ્યો : રસ્તાઓ ધોવાઈ ગયા

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ સહિત સમગ્ર પંથકમાં ભેજવાળા ઠંડાગાર વાતાવરણમાં પાણીજન્ય રોગો તેમજ વાયરલ ઈન્ફેક્શનના રોગોનું પ્રમાણ વધવા લાગ્યું છે. એજ પ્રકારના બેક્ટેરીયાના રોગોના કારણે તાવ, શરદી, ઉધરસ, શરીર જકડાઈ જવાના કિસ્સાઓ વધવા લાગ્યા છે. જેથી લોકોની આરોગ્યની ચિંતાઓમાં પણ વધારો થવા પામ્યો છે. જ્યારે પ્રાંતિજ, વડવાસા, તાજપુર, ઘડકણ, મજરા, પીલુન્દ્રા, કમાલપુર વગેરે જેવા અસંખ્ય ગામડાઓમાં અંદાજે એક હજાર વીઘા ઉપરાંતના ફલાવરના ધરૂ વરસાદના કારણે ધોવાઈ જતા માત્ર એક જ પાકમાં અંદાજે ૫૦ લાખનું ખેડૂતોને નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૩૮ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૬૩ |
| રાયડો | ૫૦૦ | ૬૪૧ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૦ |
| જુવાર | ૨૮૫ | ૩૦૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| બંટી | ૨૫૦ | ૩૩૬ |
| મગ | ૮૨૧ | ૯૨૫ |

### તલોદ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૮૦ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૨૫ | ૬૬૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૫ |
| ડાંગર જ્યા | ૨૭૦ | ૩૨૦ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૪ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |

### તલોદ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૦ | ૨૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૯ | ૨૫૭ |
| ઘઉં | ૩૨૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૪ | ૭૦૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૨૨૬ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૪૫૦ | ૫૦૦ |
| એરંડા | ૬૯૩ | ૭૧૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૪૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૮૧ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૫૯૦ | ૬૬૦ |
| તલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૨૨ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| ડાંગર | ૨૪૦ | ૩૧૦ |
| બાજરી | ૨૧૦ | ૨૨૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| રાયડો | ૫૮૧ | ૫૯૧ |
| જીરૂ | ૨૧૬૦ | ૨૪૨૧ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૪૨૬ |
| બાજરી | ૨૧૩ | ૨૫૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૧ |
| રાજગરો | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૫ |
| ગવાર | ૭૦૦ | ૧૧૭૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મગ | ૬૦૦ | ૬૧૫ |
| અડદ | ૭૨૦ | - |
| રાયડો | ૫૫૬ | ૬૧૯ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| ગવાર | ૯૨૫ | ૧૧૯૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૭૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૨૧ | - |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૨૨ |
| વરીયાળી | ૮૨૧ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૪૪૦ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૫૭૬ | ૬૬૧ |
| તલ | ૧૯૫૦ | ૨૦૦૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| રાયડો | ૫૭૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૨૦ |
| ચોરા | ૬૦૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૧૦૧ |
| જુવાર | ૩૧૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૧૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૯૧ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૮ | ૩૫૭ |
| રાયડો | ૫૩૫ | ૬૦૪ |
| બાજરી | ૨૦૫ | ૨૬૮ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| અજમો | ૬૩૦ | - |
| ગવાર | ૮૧૧ | - |
| બંટી | ૨૯૦ | - |
| રજકાના બી | ૨૦૫૦ | ૨૮૫૦ |

### અંબાલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |

### જોટાણ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૮ | ૭૦૩ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૯૫૧ | ૧૦૬૧ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૩૫૯ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| બાજરી | ૨૦૦ | ૨૪૬ |
| ઘઉં | ૩૦૧ | ૩૬૦ |
| ગવાર | ૯૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૭૦૧ | - |
| મગ | ૯૮૨ | ૧૦૩૫ |
| ચણા | ૪૬૫ | ૬૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૨૪ |
| સવા | ૬૪૦ | ૬૬૦ |
| બંટી | ૨૮૨ | ૩૦૨ |
| મેથી | ૪૯૨ | ૫૭૬ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૯૭ | ૭૦૧ |
| બાજરી | ૨૨૭ | ૨૭૦ |
| રાયડો | ૫૯૧ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૩૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૨૮૫ | ૩૧૬ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૫ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |

## સાબરકાંઠાના કલાકારનું ગુજરાત સરકાર દ્વારા ગૌરવ પુરસ્કારથી થયેલું સન્માન

ગાંધીનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલાના ઈડર તાલુકાના કડિયાદરાના વતની અને હિંમતનગરના જાણીતા નાટયકાર ભરત વ્યાસને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગુજરાત સરકાર દ્વારા તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ અમદાવાદના ભાઈકાકા હોલ ખાતે ગૌરવ પુરસ્કાર પ્રદાન કાર્યક્રમમાં નાટયક્ષેત્રના વિશિષ્ઠ પ્રદાન બદલ ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨-૧૩ માટે આ પુરસ્કાર રાજયના સાંસ્કૃતિક મંત્રી રમણલાલ વોરાના હસ્તે રૂ. ૫૧ હજારનો ચેક, તામ્રપત્ર, પ્રશસ્તિ પત્ર અને શાલ ઓઢાડી આપવામાં આવી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દર વર્ષે નાટક, સંગીત, નૃત્ય, લોકકલા જેવા વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ઠ પ્રદાન કરનાર ૧૨ કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરે છે. જેમાં દરેક ક્ષેત્રમાંથી ત્રણ કલાકાર પસંદ કરવામાં આવે છે. આ પુરસ્કારથી કલાકાર જીવનમાં એક જ વખત સન્માનિત થાય છે. સાબરકાંઠા જિલ્લામાં વર્ષો પછી અને ઉપેન્દ્ર ત્રિવેદી પછી પ્રથમ વખત જ આ ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ સમાચારથી સાબરકાંઠા જિલ્લામાં આનંદની લાગણી ફેલાઈ છે. કડિયાદરા જેવા નાના ગામમાંથી નાટય કારકિર્દી શરુ કરનાર આ કલાકારે ૩૨ વર્ષની નાટય કારકિર્દીમાં ૪૨ નાટકો કર્યા છે. તેમને શ્રેષ્ઠ કલાકાર, શ્રેષ્ઠ દિગ્દર્શક સહીત તેમના નાટકોને ૨૯ જેટલા એવોર્ડ મળેલ છે. મા બાપને ભૂલશો નહી અને મારી દીકરી લાડકવાયી તેમના સફળ નાટકો છે. તેમણે સામાજીક, ઔતહાસિક, પ્રયોગાત્મક, સાહિત્યીક નાટકો મળી ૧૧ નાટકો લખ્યા છે. ભારતના સાત જેટલા રાજયોમાં નાટકો રજુ કર્યા છે. ઓરિસ્સા ખાતે યોજાયેલ રાષ્ટ્રીય નાટય મહોત્સવમાં પણ નાટક રજુ કર્યું છે. ૧૯૯૬માં સાગર અકાદમી નામની કલા સંસ્થાની સ્થાપના કરી તેમણે ગ્રામ્ય વિસ્તારના ૧૫૦ જેટલા કલાકારોને રંગમંચ પર તક આપી છે. સામાજીક જાગૃતિ માટે શેરી નાટક ભવાઈના કાર્યક્રમો પણ કરેલ છે.




## દંત્રાલના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખંભાતી તાળા લાગ્યા

### છેલ્લા બે માસથી કેન્દ્ર બંધ હોવાની પંથકમાં બુમ ઉઠી




(તસવીર : રમેશ વૈષ્ણવ)

ખેડબ્રહ્મા, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પોશીના તુલાકાના દંત્રાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છેલ્લા બે માસથી બંધ હોવાથી પંથકમાં બુમ ઉઠવા પામી છે. જેથી દંત્રાલ ગામ તથા આજુબાજુના ગામોના લોકોને બિમાર દરદીને લઈ ભટકવાનો વારો આવે છે. ચોમાસાની ઋતુમાં રોગચાળાએ માજા મુકી છે ત્યારે આ આરોગ્ય કેન્દ્રમાં દરદીને સારવાર ન મળવાના કારણે લોકો મોટી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ અંગે લગત અધિકારીને લોકોએ રજુઆત કરતા અધિકારી દ્વારા ઉડાઉ જવાબ મળતાં ગરીબ આદિવાસી અચંબામાં પડી જવા સાથે તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે. આ આરોગ્ય કેન્દ્ર સત્વરે કાર્યરત થાય તેવી લોકોની લાગણી અને માગણી છે.

પોશીના તાલુકાના દંત્રાલ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બિમાર દરદીઓને સારવાર મળતી ન હોવાના કારણે લોકોમાં રોષ ફેલાયો છે. દંત્રાલ ગામના ડાભી નવિનભાઈ માલજીભાઈ, લક્ષ્મણભાઈ કાળાભાઈ ડાભી-લલિતભાઈ લુકાભાઈ ડાભી તથા પ્રકાશભાઈ ફુલાભાઈ ડાભી સહીતના ગામ લોકોના જણાવ્યા અનુસાર દંત્રાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને છેલ્લા બે માસથી ખંભાતી તાળા લાગ્યા છે અને કેન્દ્ર ખુલતું જ નથી. આ વિસ્તારના લોકોને બિમાર દરદીને લઈ આમ તેમ ભટકવાનો વારો આવે છે. આ પંથકના દંત્રાલ-રાઈવા-લાખીયા-સોનગઢ-પડાપાટ-સુકા આંબા-ખારા કુવા-કુડલા તથા ગણવા સહીતના ગામોને આ આરોગ્ય કેન્દ્ર નજીકમાં પડે છે તેથી આ કેન્દ્ર આદિવાસી લોકો માટે જીવાદોરી સમાન અને આશીર્વાદ રૂપ છે. ચોમાસાની ઋતુમાં જીવલેણ રોગોએ માજા મુકી છે ત્યારે લોકોને આ કેન્દ્ર ઉપરથી સારવાર મળે તે જરુરી છે. પણ બે માસથી આરોગ્ય કેન્દ્ર બંધ હોવાથી લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. કેન્દ્ર બંધ રહેવાના કારણે ગરીબ આદિવાસીઓને ખાનગી દવાખાનામાં સારવાર કરાવવી ફરજીયાત બની ગઈ છે. આથી આ આરોગ્ય કેન્દ્ર સત્વરે કાર્યરત કરવામાં આવે તેવી લોકોની માગણી અને લાગણી છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષકુમારે જણાવ્યું હતું કે આ આરોગ્ય કેન્દ્ર સત્વરે કાર્યરત થાય તે માટે કાર્યવાહી કરવામાં આવશે.

## લેકાવાડાથી ગુમ થયેલા કિશોરનો ત્રણ મહિનાથી કોઈ પત્તો નથી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીકના લેકાવાડા ગામે રહેતા હરજીન્દ્રસિંહ સંગારસિંહ શીખનો ૧૪ વર્ષનો દિકરો પવનસિંહ ૧૨મી જૂનના રોજ બપોરે બે વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ચાલ્યો ગયો હતો. આજે ત્રણ મહિનાથી પણ વધુ સમય વિતી ગયો હોવા છતાં માનસિક બિમારીનો ભોગ બનેલા આ કિશોરનો કોઈ જ પત્તો મળ્યો નથી. શરીરે પાતળા બાંધાનો આ કિશોર ગુમ થયો ત્યારે તેને શરીરે બદામી રંગની ચડ્ડી અને સફેદ-જાંબલી રંગની ચોકડી વાળો આખી બાંયનો સર્ટ પહેર્યો હતો. પંજાબી ભાષા જાણતા આ કિશોરની ભારે શોધખોળ બાદ પણ ભાળ ન મળતા પરિવારજનોએ એસપીને રજૂઆત કરી છે. ચિલોડા પોલીસે સઘન શોધખોળ આરંભી દીધી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન